ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેક્ટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,

ગાંધીનગર.

પ્રતિ,

સંયુક્ત નિયામકશ્રી, (માધ્યમિક)

નિયામકશ્રી શાળાઓની કચેરી,

વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯,

ગાંધીનગર

વિષય: બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓના અજમાયશી (પ્રોબેશન) સમયગાળા બાબતે સ્પષ્ટતા થઈ આવવા બાબત.

સંદર્ભ: નિયામકશ્રી શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક: COS/0695/05/2026 , તા.29/05/ 2026

માન.સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, નાણાં વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવ અન્વયે જુની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર હોય તેવા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓના સેવા જોડાણ બાબતે આપશ્રીની કચેરી દ્વારા શિક્ષણ વિભાગ પાસે માર્ગદર્શન માંગેલ હતુ. જે અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા તા.૦૧/૦૧/૨૦૨૬ અને તા.૧૩/૦૧/૨૦૨૬ના પત્રથી આપેલ માર્ગદર્શન/સત્તા અન્વયે આપશ્રીની કચેરી દ્વારા બિન સરકારી અનુદાનિત શાળામાં જે કર્મચારી મદદનીશ શિક્ષકમાંથી આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમણૂંક અને શિક્ષક માંથી જુના શિક્ષક તરીકે નિમણૂંક પામેલ હોય અને નાણા વિભાગના તા. ૦૮/૧૧/૨૦૨૪ અને તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવ અન્વયે જુની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર હોય તેવા કર્મચારીઓની સેવા જોડાણની કાર્યવાહી હાલ ચાલુ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ના વિનિયમ-૨૨ ની જોગવાઈ મુજબ ""*કોઈ વ્યક્તિની હેડમાસ્તર, શિક્ષક અથવા બીન-અધ્યાપકીય સ્ટાફના સભ્ય તરીકે હંગામી ધોરણ સિવાય બ રીતે નિમણૂક કરવામાં આવે ત્યારે સંચાલકો નિર્ણય કરે તે મુજબ તે બે વર્ષ કરતાં વધારે ન હોય તેટલી મુદત સુ પ્રોબેશન ઉપર રહેશે અને સદરહું મુદતમાં સંતોષકારક નોકરી પૂરી થશે તે વ્યક્તિ, કાયમી કર્મચારી ગણાશે*" ત્યાર બાદ શિક્ષણ વિભાગના Letter No: ED/0536/08/2025 તા.૨૬/૦૮/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક: ED/CON/e-file/3/2025/4009/CHH તા.૨૬/૦૮/૨૦૨૫ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ના વિનિયમ-૨૨માં સુધારો થયેલ છે.

ઉપરોક્ત થયેલ સુધારા અન્વયે બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓના અજમાયશી (પ્રોબેશન) સમયગાળા બાબતે આપશ્રી દ્વારા માંગેલ સ્પષ્ટતા આ સાથે સામેલ કોષ્ટકમાં દર્શાવેલ છે.

| ક્રમ | મુદ્દાની વિગત | મુદ્દા અંગેની સ્પષ્ટતા |
|---|---|---|
| | | |

| | | |
|---|---|---|
| 1 | શિક્ષણ વિભાગનો તા. ૨૬/૦૮/૨૦૨૫નો ઠરાવ થયા પહેલા નિમણૂંક પામેલ કર્મચારીઓના કિસ્સામાં ઓછામાં ઓછો કેટલા સમયગાળાનો અજમાયશી (પ્રોબેશન) ગ્રાહ્ય રાખી શકાય? | શિક્ષણ વિભાગના તા.૨૬/૦૮/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક :ED/CON/e-file/3/2025/4009/CHHપૂર્વે વિનિયમ-૨૨ મુજબ<br><br>"કોઈ વ્યક્તિની હેડમાસ્તર, શિક્ષક અથવા બીન-અધ્યાપકીય સ્ટાફના સભ્ય તરીકે હંગામી ધોરણ સિવાય બીજી રીતે નિમણૂંક કરવામાં આવે ત્યારે, સંચાલકો નિર્ણય કરે તે મુજબ તે બે વર્ષ કરતાં વધારે ન હોય તેટલી મુદ્દત સુધી પ્રોબેશન (અજમાયશી) ઉપર રહેશે અને સદરહું મુદ્દતમાં સંતોષકારક નોકરી પૂરી થશે તે વ્યક્તિ, કાયમી કર્મચારી ગણાશે."<br><br>વંચાણે લેતાં તેમાં ઓછામાં ઓછો કેટલો સમયગાળો તે અંગે કોઈ જ પ્રાવધાન નથી જેથી કરીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના તત્કાલિન વિનિયમ-૨૨ મુજબ સંચાલકો નિર્ણય કરે તે મુજબ બે વર્ષ કરતાં વધારે ન હોય તેટલી મુદ્દત સુધી પ્રોબેશન (અજમાયશી) ગણવાનો રહે તેવો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના તત્કાલિન વિનિયમ-૨૨ માંસ્વયં સ્પષ્ટ ઉલ્લેખ હોય વિનિયમ મુજબ કાર્યવાહી કરવાની રહે. |
| 2 | એક કર્મચારી એક જ સંવર્ગમાં (ઉદાહરણ તરીકે આચાર્ય સંવર્ગમાં) એકથી વધુ વખત સીધી ભરતીથી જોડાયેલ હોય તો દરેક વખતે અજમાયશી (પ્રોબેશન) સમય રાખવો કે કેમ? | • એક કર્મચારી એક જ સંવર્ગમાં (ઉદાહરણ તરીકે આચાર્ય સંવર્ગમાં) એકથી વધુ વખત સીધી ભરતીથી જોડાયેલ હોય તો દરેક વખતે અજમાયશી (પ્રોબેશન) અંગે સીધી ભરતીથી નિમણૂંક થયેલ હોય ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૨૨ અનુંસાર અજમાયશી (પ્રોબેશન) ગણવાનો રહે. |

| | | |
|---|---|---|
| 3 | અજમાયશી(પ્રોબેશન) સમયગાળો પુર્ણ કર્યા પહેલા અવસાન/વય નિવૃત થયેલ હોય તેવા કર્મચારીઓના કિસ્સામાં અજમાયશી(પ્રોબેશન) સમયગાળોબાબતે શું કાર્યવાહી કરવી? | પ્રસ્તુત બાબતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ અંતર્ગત કોઈ જ સ્પષ્ટતા થયેલ નથી પરંતુ આ સાથે સામેલ બિડાણ-૧ (શિ.અને વિ.સ.ઠ.ક:એસએસએન-૩૪૭૦-૪૧૮૪૫-જી,તા.૨૨/૧૨/૧૯૭૧ થી બિનસરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓને પેન્શન યોજનાનો લાભ આપવા અંગેનો ઠરાવથી પેન્શન, ગ્રેજ્યુઈટી તથા અન્ય નિવૃતિ લાભો લાગુ કરવામાં આવેલ છે. તેની સાથે GLE & L. D. No. SSN-3472-116829-G, Dated 4-12-1973 થી સરકારી કર્મચારીઓને લાગુ પાડતા નિયમ બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને આપોઆપ લાગુ પાડવા અંગેReference: GR Edu. & Lab. Dept. No.: SSN-3470-41845-G, dt. 21-12-71 મુજબ<br><br>It is hereby clarified that while applying the pension scheme for the teaching and non-teaching staff in the non-Government Secondary Schools sanctioned by Government if the D.E.O. or the D.E. require any clarification or whenever there is any doubt about interpretation of any of the provision of the scheme, they should refer to the corresponding provision of B.C.S.Rs. and pension rules in force for the Government servants for such clarification and interpretation. In other words, corresponding or similar provisions of the B.C.S.Rs and the pension rules applicable to Government servants should be applied mutatis mutandis to the teaching and non-teaching staff in the non-Government Secondary Schools, whenever there is no express provision otherwise in the pension scheme referred to above or wherever there is any doubt regarding it's interpretation.<br><br>2.You are requested to bring this to the notice of all the different education offices for information and guidance.<br><br>3. This letter issues with the concurrence of F.D.<br><br>શબ્દશ: વંચાણે લેતાં પ્રસ્તુત મુદ્દા પરત્વે ગુજરાત મુલ્કી સેવા પેન્શનના નિયમો, ૨૦૦૨ના નિયમ-૨(૨૩), (૬૫) તથા નિયમ-૨૫ સહિત અન્ય આવશ્યક જોગવાઈ અનુસાર નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહે. |

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ મુદ્દાવાર સ્પષ્ટતા વિદિત થવા આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી

(આર.આર.વ્યાસ)

સચિવ

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

ગાંધીનગર

બિડાણ: ૧. શિ.અને વિ.સ.ઠ.ક: એસએસએન-૩૪૭૦-૪૧૮૪૫-જી, તા.૨૨/૧૨/૧૯૭૧ ઠરાવ

૨.GLE & L. D. No. SSN-3472-116829-G, Dated 4-12-1973

*Signature Not Verified*

*Signed by: Rakesh R. VYAS*
*Secretary*
*Date:2026.06.19*
*15:16:37 +5:30*